## તા. 8-2-2023ના રોજ જ્ઞાનસેતુ ડે સ્કૂલ ના EOI સંદર્ભે યોજાયેલ પ્રિ-બિડ મિટીંગ અને ઈમેલ થી આવેલ પ્રશ્નો અને તેના માર્ગદર્શક જવાબો

| ક્રમ | સવાલ | જવાબ |
|---|---|---|
| 1 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સની અરજી જમા કરવાની છેલ્લી તારીખ અને સમય કયો રહેશે? | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટેની અરજીની તારીખ 21/02/2023 ના રોજ 17:00 કલાક સુધી જમા કરી શકાશે. તમારી ફિઝિકલ અરજી આ સમય પહેલા સમગ્ર શિક્ષાની ઓફિસમાં મળી જવી જોઈએ. જો કુરિયર કે સ્પીડ પોસ્ટ દ્વારા મોકલો તો આ સમય પહેલા મળી જાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી આપણી રહેશે. |
| 2 | EOI / અરજી પત્રક ક્યાંથી મળી શકશે ? EOI કે અરજી પત્રક ડાઉનલોડ કરવા માટેની વેબસાઈટ કઇ રહેશે? | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટેનું અરજીપત્રક એટલે કે EOI અમારી વેબસાઇટ www.ssagujarat.org પર જઈ ડાઉનલોડ કરી શકાશે. |
| 3 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટે પ્રોસેસિંગ માટે કોઈ પ્રકારની ફી ભરવાની ભરવાની રહેશે? | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટે નોન-રીફંડેબલ પ્રોસેસિંગ ફી રૂ. 10,000/- ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જમા કરવવાની રહેશે. |
| 4 | પ્રોસેસિંગ ફીનાં રૂ. 10,000/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ કોના નામનો કઢાવવાનો રહેશે? | પ્રોસેસિંગ ફીનાં રૂ. 10,000/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ **'State Project Director, GCSE, Samagra Shiksha, Gandhinagar'** ના નામે કઢાવવાનો રહેશે. |
| 5 | પ્રથમ વર્ષે ધોરણ 6 માં કેટલા વિધાર્થીઓને પ્રવેશ મળવા પાત્ર રહેશે? | પ્રથમ વર્ષે પ્રતિ શાળા દીઠ ધોરણ 6 માં આશરે 70 વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે. |
| 6 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટેની અરજી ક્યાં, કેવી રીતે, કઈ ભાષામાં અને કેટલી નકલમાં જમા કરાવવાની રહેશે? | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટેની અરજી ઓનલાઇન અને ઓફલાઈન બંને રીતે જમા કરવાની રહેશે. જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટેની અરજી ઓનલાઇન જમા કરવા માટે gyansetu@ssguj.in પર જરૂરી ડોક્યુમેન્ટ્સ સાથેની એક PDF ફાઈલ બનાવી ઈ-મેઈલ કરવાનો રહેશે.<br><br>જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટેની અરજી ઓફલાઈન State Project Office, Samagra Shiksha, Sector 17, Gandhinagar, Gujarat-382010 પર રૂબરૂ આવીને અથવા કુરિયર-પોસ્ટ દ્વારા મોકલી શકાશે.<br><br>જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટેની અરજી અંગ્રેજી અને ગુજરાતી એમ બંનેમાંથી કોઈ ભાષામાં ભરીને જમા કરાવી શકાશે. |
| 7 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટેની અરજી જમા કરાવતી વખતે કયા કયા ડોક્યુમેન્ટ આપવાના રહેશે? | અરજીપત્રક મા આપે જે વિગતો ભરેલી હોય તે તમામ માહિતીના આધારો તરીકે જરૂરી તમામ દસ્તાવેજો સબમિટ કરવાના રહેશે |
| 8 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટેની અરજીમાં સંસ્થા દ્વારા જાતે સુધારા વધારા કરી શકાશે ? | અરજીપત્રકમાં કોઈજ સુધારા વધારા કરી શકાશે નહીં. આપણે જો વધારાની માહિતી આપવાની થાય તો આપ વધારાના પાનાં અરજી સાથે જોડી શકો છો. |
| 9 | સંસ્થામાં સેવા આપતા ટીચિંગ તથા નોન ટીચિંગ સેવા અપાતા દરેક ની યાદી જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટેના અરજી ફોર્મ સાથે જોડવી જરૂરી છે ? | આપ આ માહિતી જોડી શકો છો. |
| 10 | પ્રથમ વર્ષ જે બાળકો ફાળવવામાં આવે છે તે 70 બાળકો મુજબ શિક્ષકો સંખ્યા કઈ રીતે લેવી  તેમજ શિક્ષકોનુ વર્ગ દિઠ ભારણ કઈ રીતે રેહેશે ? | 35 થી 36 વિધાર્થીઓનો એક વર્ગ કરવાનો રહેશે |
| 11 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટે શાળાના વર્ગખંડ અને બેન્ચનું માપ શું રહેશે? | પસંદ થયેલ શાળાઓને SOP સાથે આપવામાં આવશે. આપ અત્યારે આપની હયાત સુવિધાઓ વિગતે જણાવશો |
| 12 | એક તાલુકા દીઠ એક જ્ઞાનસેતુ ડે સ્કૂલ હશે? એકથી વધુ માટેની પરવાનગી કઈ રીતે મેળવવાની રહેશે ? | તાલુકાની સાઈઝ, તાલુકામાં ધોરણ 5 મા ભણતા વિધાર્થીઓની સંખ્યા વગેરે બાબતો ધ્યાને રાખીને એક તાલુકામાં ઓછામાં ઓછી એક એ રીતે શાળાઓ નિશ્ચિત કરવામાં આવશે. |

| | | |
|---|---|---|
| 13 | શું એક જ તાલુકા-જિલ્લામાં બે સંસ્થાને જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સની પરવાનગી મળી શકે? | તાલુકાની સાઈઝ, તાલુકામાં ધોરણ 5મા ભણતા વિદ્યાર્થીઓની સંખ્યા વગેરે બાબતો ધ્યાને રાખીને એક તાલુકામાં ઓછામાં ઓછી એક એ રીતે શાળાઓ નિશ્ચિત કરવામાં આવશે. મોટા તાલુકામાં એક કરતાં વધારે શાળાઓ હોઇ શકે છે. |
| 14 | શું જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટે CBSE માન્ય શાળાઓ અરજી કરી શકે છે? | હા. આ શાળાઓ જો પસંદ થશે તો CBSEની યોગ્ય મંજૂરી મેળવવાની રહેશે જે માટે શિક્ષણ વિભાગ, ગુજરાત મદદરૂપ થશે |
| 15 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સની અરજી કરવા માટે કેટલી જમીન હોવી જરૂરી છે? | પસંદ થયેલ શાળાઓને SOP સાથે આપવામાં આવશે. આપ અત્યારે આપની હયાત સુવિધાઓ વિગતે જણાવશો |
| 16 | બિનકાર્યરત સંસ્થા કોઈ પ્રવૃત્તિઓ કરતુ નથી પણ શૈક્ષણિક હેતુ વાળી જગ્યા તથા ઇન્ફ્રાસ્ટ્રકચર રજીસ્ટર ભાડા કરાર થી ધરાવે છે અને જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ પ્રોજેક્ટમાં જોડાવવા માંગે છે તો જોડાઈ શકે કે નહિ? | જોડાઈ શકે છે. |
| 17 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ પ્રોજેકટનો સમયગાળો કેટલો હશે? | GRની ક્લોઝ નંબર 3.4 સબ ક્લોઝ f ધ્યાને લેવી |
| 18 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ અંતર્ગત અધ્યયન-અધ્યાપનનું માધ્યમ કયું રહેશે? | GRની ક્લોઝ નંબર 3.4 સબ ક્લોઝ c ધ્યાને લેવી |
| 19 | શું સરકારી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓને જ જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સમાં પ્રવેશ આપવામાં આવશે? જો સરકારી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ દ્વારા ઓછામાં ઓછી ખાલી જગ્યાઓ ન ભરાઈ શકે તો શું પોતાની કે બીજી ખાનગી શૈક્ષણિક સંસ્થાઓમાંથી વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે? | GRની ક્લોઝ નંબર 3.2 સબ ક્લોઝ a ધ્યાને લેવી |
| 20 | જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ માટે વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા કેવા પ્રકારની રાખવાની રહેશે? | GRની ક્લોઝ નંબર 3.2 સબ ક્લોઝ a ધ્યાને લેવી |
| 21 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સમાં ભાગીદાર સંસ્થાઓને નાણાકીય ચુકવણું કઈ રીતે આપવામાં આવશે? | દરેક ક્વાર્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે નાણાકીય સહાયની ચુકવણી કરવામાં આવશે |
| 22 | શું જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સમાં ભાગીદાર સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓ માટે પરિવહનની વ્યવસ્થા કરવાની રહેશે કે કેમ ? | આ અંગેની કોઈ વ્યવસ્થા હાલમાં કરવામાં આવેલ નથી |
| 23 | શું જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સમાં ભાગીદાર સંસ્થાઓને વિદ્યાર્થીઓ માટે નિવાસી સુવિધા ઉપલબ્ધ કરાવવાની રહેશે કે તે સરકારશ્રી દ્વારા આપવામાં આવશે? | આ શાળાઓમા નિવાસી સુવિધાઓ આપવામાં આવશે નહીં |
| 24 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ પ્રોજેક્ટ ધોરણ 6 થી 12 માટે છે. તો શું ધોરણ 6 થી 12 માટે પ્રથમ વર્ષથી જ અમલીકરણ કરવામાં આવશે કે આ વર્ષે ફક્ત ધોરણ 6 અને ત્યારબાદના અનુગામી વર્ષોમાં બાકીના ધોરણો શરુ કરાશે? | પ્રથમ વર્ષે માત્ર ધોરણ 6 મા પ્રવેશ આપવામાં આવશે ત્યારબાદ ક્રમિક વર્ગો ઉપરના ધોરણ મા જશે અને દર વર્ષે ધોરણ 6 મા નવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે |
| 25 | પાઠ્યપુસ્તકો, અન્યપુસ્તકો, ગણવેશ વગેરે ભાગીદાર સંસ્થા દ્વારા નક્કી કરવામાં આવશે કે ગુજરાતની તમામ જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સમાં તે એકસમાન રાખવામાં આવશે? | તમામ શાળાઓમા એકસમાન રહેશે આ માટેની SOP આપવામાં આવશે |
| 26 | શું ગરીબ અને અનાથ વિદ્યાર્થીઓ માટે જ્ઞાન સેતુ ડે સ્કૂલમાં નામાંકન માટે કોઈ વિશેષ નીતિ છે? | GRની ક્લોઝ નંબર 3.2 સબ ક્લોઝ a ધ્યાને લેવી |
| 27 | શું ગ્રાન્ટ-ઇન-એઇડ શાળાઓ પણ જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ માટેની અરજી કરી શકે છે? | હા |
| 28 | સંસ્થા ગુજરાતી અને અંગ્રેજી એમ બંને માધ્યમ ધરાવે છે તો જ્ઞાન સેતુ ડે સ્કૂલ પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ 6 થી વિદ્યાર્થીઓને ક્યા માધ્યમમાં અભ્યાસ કરાવવાનો રહેશે? કયા ધોરણથી કયું માધ્યમ લાગુ કરવાનું રહેશે? | GRની ક્લોઝ નંબર 3.4 સબ ક્લોઝ c ધ્યાને લેવી |
| 29 | જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ માટે કયો અભ્યાસક્રમ અનુસરવાનો રહેશે? | GRની ક્લોઝ નંબર 3.4 સબ ક્લોઝ c ધ્યાને લેવી |

| | | |
|---|---|---|
| 30 | જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ અંતર્ગત અઠવાડિયાના વાર પ્રમાણે શાળાનો સમય કયો રાખવાનો રહેશે? | કોઈપણ એક પાળીમા તમામ દિવસોમાં શાળા ચલાવવાની રહેશે |
| 31 | જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ પ્રોજેક્ટ અંતર્ગત પ્રવાસી શિક્ષક બોલાવી શકાય કે કેમ ? | GRની ક્લોઝ નંબર 3.4 સબ ક્લોઝ e ધ્યાને લેવી |
| 32 | જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ માટેની પ્રવેશ પરીક્ષાનું માળખું શું રહેશે? | રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા પ્રવેશ પરીક્ષાનું સંચાલન કરવામાં આવશે અને તેનું માળખું જાહેર કરવામાં આવશે |
| 33 | હાલમાં સંસ્થા પાસે કોઈ શાળાકીય બોર્ડ દ્વારા મંજુરી નથી. તો જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ પ્રોજેક્ટમાં જોડાવા માટે શું પ્રથમ ગુજરાત બોર્ડની શાળાકીય મંજુરી મેળવી અનિવાર્ય છે ? શું સીધા અરજી કરી શકાય? | જો આપની સંસ્થા પસંદ થાય તો MOU કરતાં પહેલા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધારાધોરણ મુજબ પૂર્વ મંજૂરી લેવાની રહેશે |
| 34 | જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ પ્રોજેક્ટ અંતર્ગત ધોરણ 6 થી 8 માં ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમ માટે જુદી જુદી બેઠકો ફાળવવામાં આવશે? જેમકે ગુજરાતી માધ્યમ માટે 70 અને અંગ્રેજી માધ્યમ માટે 70? | GRની ક્લોઝ નંબર 3.4 સબ ક્લોઝ c ધ્યાને લેવી |
| 35 | જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ પ્રોજેક્ટના ઠરાવ મુજબ વિદ્યાર્થી દીઠ રૂ.20,000/- વાર્ષિક આપવામાં આવશે પરંતુ FRC વિભાગે માન્ય (ધોરણ 11 - 12) ફી રૂ.30,000/- જણાવેલ છે. તો શું આ રકમનો તફાવત ભાગીદાર સંસ્થા વિધાર્થીઓ અથવા સરકાર પાસેથી એકત્રિત કરી શકે છે? | આપની હયાત શાળાની ફી અને આ રિકરીંગ ખર્ચ ને કોઇ સંબંધ નથી. પ્રોજેક્ટ પાર્ટનરને સરકાર દ્વારા આપવામાં આવતી સહાય સિવાય વિધાર્થીઓ પાસેથી કોઇ પણ પ્રકારની ફી કે ખર્ચ આપના દ્વારા લઈ શકશે નહીં |
| 36 | વર્ષ 2023માં સંસ્થાને મંજુરી મળેલ છે અને વર્ષ 2024 થી આ સંસ્થા શાળા ચાલુ કરવા જઈ રહેલ છે. તો શું આ સંસ્થા જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ પ્રોજેક્ટમાં અરજી કરવા માટે પાત્ર છે? | હા, અરજી કરી શકાશે. MOU કરતાં પહેલા ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધારાધોરણ મુજબ પૂર્વ મંજૂરી લેવાની રહેશે |
| 37 | જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ પ્રોજેક્ટ માટે કેવા પ્રકારનું ડીજીટલ અને ભૌતિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોવુ જરૂરી છે? અને પ્રથમ વર્ષ(જુન-2023)માં કેટલી સુવિધાઓ હોવી જરૂરી છે? | પ્રથમ વર્ષમાં ધોરણ 6 ના બે વર્ગો આનુષંગીક માળખાકીય સુવિધાઓ અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રકચર સાથે શરૂ કરી શકાય તેટલી સુવિધાઓ હોવી જ જોઇએ. બાકીની જરૂરિયાતોની SOP પસંદ થયેલ સંસ્થાઓને આપવામાં આવશે. આપ આપની હયાત સુવિધાઓ તથા વિકસાવવાનો પ્લાન રજૂ કરી શકો છો. |
| 38 | હાલની શાળામાં ચાલી રહેલા ધોરણ 6 અને જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ પ્રોજેક્ટ અંતર્ગત શરુ થનાર ધોરણ 6 ના વર્ગખંડો સમાંતર રીતે ચલાવી શકાશે? | હા, SOP મુજબની તમામ સુવિધાઓ ઉપલબ્ધ હોય તો ચલાવી શકાશે |
| 39 | હાલની શાળામાં કાર્યરત બિનશૈક્ષણિક સ્ટાફ અને જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ પ્રોજેક્ટ ભરતી થનાર બિનશૈક્ષણિક સ્ટાફ એમ બંને અલગ હશે? શું એક જ સ્ટાફ બંને જગ્યાએ કાર્ય કરી શકશે? | GRની ક્લોઝ નંબર 3.3 સબ ક્લોઝ d ધ્યાને લેવી |
| 40 | જ્ઞાન સેતુ ડે સ્કૂલ્સ પ્રોજેક્ટ માટે ભાગીદાર થનાર સંસ્થામાં મેનેજમેન્ટની શું જવાબદારી હશે? શું તમામ નાણાકીય બાબતોનું સંસ્થા મેનેજમેન્ટ દ્વારા સંચાલન કરવામાં આવશે? | સંસ્થાનું સંપૂર્ણ સંચાલન મેનેજમેન્ટ દ્વારા SOP અનુસાર કરવાનું રહેશે. સંચાલન ની તમામ જવાબદારી મેનેજમેન્ટની રહેશે |
| 41 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટે પ્રોજેક્ટ પાર્ટનર બનવા ઇચ્છુક સંસ્થા પાસે જો ભાડાનું મકાન હોય તો તેના માટે સાદો ભાડાકરાર રજુ કરવો કે રજીસ્ટર કરેલ ભાડા કરાર રજુ કરવો? | રજિસ્ટર્ડ ભાડા કરાર રજૂ કરવાનો રહેશે જેની મુદત ચાલુ વર્ષથી ઓછામાં ઓછા 30 વર્ષની હોવી જોઇએ. આ રજિસ્ટર્ડ ભાડા કરાર MOU કરતા પહેલા રજૂ કરી શકાશે |

| | | |
|---|---|---|
| 42 | જ્ઞાનસેતુ  ડે સ્કૂલ્સ માટે અરજી  કરનાર સંસ્થા પાસે ફક્ત ગુજરાતી માધ્યમની મંજુરી હોય અને વિજ્ઞાન પ્રવાહની મંજુરી ન હોય તો શું અરજી માન્ય ગણાશે? | ભવિષ્યમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધારાધોરણ મુજબ મંજૂરી લેવાની શરતે અરજી ને ધ્યાને લેવામાં આવશે |
| 43 | સંસ્થા એક જ હોય અને ધોરણ 6 થી 8 અને ધોરણ 9 થી 12ની મંજુરી અલગ અલગ નામથી હોય તો જ્ઞાનસેતુ  ડે સ્કૂલ્સ માટે અરજી કરવા પાત્ર બનશે? | હા |
| 44 | જ્ઞાનસેતુ  ડે સ્કૂલ્સના સિવિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સરકારશ્રી તરફથી અલગથી કોઈ ગ્રાન્ટ આપવામાં આવશે કે કેમ? | જ્ઞાનસેતુ  ડે સ્કૂલ્સના સિવિલ, ડિજિટલ, જમીન કે અન્ય કોઈપણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે સરકારશ્રી તરફથી અલગથી કોઈ ગ્રાન્ટ આપવામાં આવશે નહીં, GRની ક્લોઝ નંબર 3.3  સબ ક્લોઝ c ધ્યાને લેવી. |
| 45 | જ્ઞાનસેતુ  ડે સ્કૂલ્સ ચાલુ કરવા માટે શિક્ષકોની પસંદગી કઇ રીતે કરવાની રહેશે? અને અન્ય સ્ટાફ જેમકે શૈક્ષણિક સ્ટાફ, બિન-શૈક્ષણિક સ્ટાફ, રમતગમત માટે શિક્ષક, કોમ્પુટર શિક્ષક, સંગીત શિક્ષક ,ચિત્ર શિક્ષક વગેરેની નિમણુંક પ્રક્રિયા કઇ રીતની રહેશે? | GRની ક્લોઝ નંબર 3.3  સબ ક્લોઝ d અને e  ધ્યાને લેવી |
| 46 | સંસ્થા પાસે એક જ કેમ્પસમાં કુમાર અને કન્યા વિધાલયની અલગ અલગ મંજૂરી છે. તો શું કન્યા અથવા કુમાર વિધાલય કોઈ એક અથવા બંને જ્ઞાનસેતુ  ડે સ્કૂલ્સ માટે પ્રોજેક્ટમાં જોડાઈ શકે છે? | હા |
| 47 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સમાં કુમાર-કન્યાની સુનિશ્ચિતતા કઇ રીતે જાળવવામાં આવશે? | પ્રવેશ આપતી વખતે રાજ્ય સરકાર દ્વારા સુનિશ્ચિત કરવામાં આવશે |
| 48 | જ્ઞાનસેતુ  ડે સ્કૂલ્સ અંતર્ગત શાળાનું નામ શું રાખવાનું રહેશે? શું સરકારશ્રી દ્વારા આ શાળાઓને નવું નામ આપવામાં આવશે કે મંજુરી મળેલા નામ પર શાળા ચલાવી શકાશે? | શાળાનું નામ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે તે રાખવાનું રહેશે સાથે સાથે સંસ્થાનું પોતાનું નામ પણ જોડી શકાશે |
| 49 | સંસ્થામાં હાલમાં ધોરણ 6 થી 10 ના વર્ગો ચાલુ છે તો જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટે અરજી શકાય ? અને ભવિષ્યમાં ધોરણ 11 અને 12 ની પરવાનગી શાળાએ મેળવવાની રહેશે કે કેમ? | ભવિષ્યમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધારાધોરણ મુજબ મંજૂરી લેવાની શરતે અરજી કરી શકાય |
| 50 | સંસ્થા હાલ એક પાળી માં ગુજરાત બોર્ડની શાળા ચલાવતું હોય તો  અન્ય બીજી પાળીમાં જ્ઞાનસેતુ ડે સ્કુલ્સના બાળકો માટે કોઈ અલગ બોર્ડની પરમીશન લેવાની રહેશે કે  કેમ? | ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધારાધોરણ મુજબ મંજૂરી લેવાની રહેશે |
| 51 | સંસ્થા કોઈ શૈક્ષણિક સંસ્થાઓ ચલાવતું નથી પણ ભૌતિક સુવિધાઓ તેમજ શૈક્ષણિક હેતુની જમીન ભાડે લીઝ થી ધરાવે છે, તો આ સંસ્થાને જ્ઞાનસેતુ ડે સ્કુલની મંજુરી મળી શકે કે કેમ? | આપ આ યોજનામાં અરજી કરી શકો છો અને તમારો ડેવલપમેન્ટ પ્લાન રજૂ કરી શકો છો. મંજૂરી પ્રક્રિયાને આધીન રહેશે |
| 52 | સંસ્થા દ્વારા હાલ ફાયર એન.ઓ.સી. ની પ્રોસેસ ચાલુ છે તો તે સંસ્થાને જ્ઞાનસેતુ  ડે સ્કુલ્સની મંજુરી મળી શકે કે કેમ? | જો સંસ્થા પસંદ થશે તો SOP મુજબની સુવિધાઓ અગ્રીમેંટ કરતાં પહેલા ઊભી કરવાની રહેશે. હાલમાં અરજી કરી શકાશે |
| 53 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ અંતર્ગત MOA અને MOU કયા પ્રકારે કરવાના રહેશે અને તેનું ફોરમેટ ક્યાંથી મેળવી શકાશે? | પસંદ થયેલ સંસ્થાઓને MOU અને એગ્રીમેન્ટ રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરીને આપવામાં આવશે |
| 54 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ પ્રોજેક્ટ માં ધોરણ 6 થી પ્રવેશ આપવાનો હોય છે તો સંસ્થા બાલભવન તથા ધોરણ 1 થી 5 કઈ પાળી માં ચાલુ રાખી શકે ? | અલગથી ચાલુ રાખવાના રહેશે |

| | | |
|---|---|---|
| 55 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ પ્રોજેક્ટમાં અરજી કરવા અને શાળા ચલાવવા શું શાળા સાથે ભાડાકરાર કરેલ હોય તો તે માન્ય ગણાશે? | વર્ષ 2023-24 થી અમલી હોય તે રીતે 30 વર્ષનો રજિસ્ટર્ડ ભાડા કરાર હોય તો અરજી કરી શકાશે. આ રજિસ્ટર્ડ ભાડા કરાર MOU કરતા પહેલા રજૂ કરી શકાશે |
| 56 | નામાંકન થયેલ વિદ્યાર્થીઓની સંખ્યા ખુબ જ ઓછી હોય તો શું સરકાર શ્રી તરફથી શાળાને અન્ય કોઈ નાણાકીય સહાય મળવા પાત્ર છે? | રાજ્ય સરકાર દ્વારા પૂરતા વિદ્યાર્થી ફાળવવાનો પૂરતો પ્રયત્ન કરવામાં આવશે |
| 57 | શું સંસ્થાઓ જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ અંતર્ગત નામાંકન થયેલ વિદ્યાર્થીઓ પાસેથી વધારની ટ્યુશન ફી વસુલી શકશે? શું તે FRC દ્વારા નક્કી કરાશે? | રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવનાર રિકરીંગ ખર્ચ સિવાય અન્ય કોઈજ રકમ વિદ્યાર્થી કે વાલી પાસેથી વસૂલી શકાશે નહીં. રિકરીંગ ખર્ચની જોગવાઇઓ માટે GRની ક્લોઝ નંબર 3.2 સબ ક્લોઝ d ધ્યાને લેવી |
| 58 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ અંતર્ગત શું મીડ-ડે મીલ આપવું જરુરી બને છે? | હાલમાં આ માટેની કોઈ જોગવાઈ કરવામાં આવેલ નથી |
| 59 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ EOIના મુદ્દા નંબર 7.9 અંતર્ગત, Details of other sources (name of individuals/organizations & relationship with the applicant) માટેની વિગતો કેવી રીતે આપવી? | જો માળખાકીય સુવિધાઓ ડેવલપ કરવાની હોય તો તે માટે જરૂરી વિગતો આપવી અને ડેવલપમેન્ટ પ્લાન આપવો. જો માળખાકીય સુવિધાઓ માટેની નાણાકીય જોગવાઈ સંસ્થા સિવાયના અન્ય સ્ત્રોતમાંથી કરવાની હોય તો તેની વિગતો અહી આપવી |
| 60 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ કયા શૈક્ષણિક વર્ષથી શરુ કરવામાં આવશે? | હાલમાં શૈક્ષણિક વર્ષ 2023-24 થી શરૂ કરવાનું આયોજન વિચારણામાં છે |
| 61 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટે SOP ક્યારે મળવા પાત્ર છે? | પસંદ થયેલ સંસ્થાઓને SOP આપવામાં આવશે |
| 62 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ અંતર્ગત 400 શાળાઓમાંથી પ્રથમ વર્ષે કેટલી શાળાઓ કાર્યરત કરવામાં આવશે? | મહત્તમ 400 શાળાઓ શરૂ કરવાનો લક્ષ્યાંક છે |
| 63 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સમાં દ્વિભાષિય માધ્યમ માટે કેટલા વિષયોની પસંદગી કરવામાં આવશે? | GRની ક્લોઝ નંબર 3.4 સબ ક્લોઝ c ધ્યાને લેવી |
| 64 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સમાં ધોરણ 11-12 વિજ્ઞાન, કોમર્સ અને આર્ટસ પ્રવાહ માટે એક સાથે શાળા ચલાવી શકાશે ? | ઉપલબ્ધ વિદ્યાર્થી સંખ્યા ધ્યાને રાખી જે તે સમયે નિર્ણય લેવામાં આવશે |
| 65 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ અંતર્ગત સંસ્થાઓને નાણાકીય રીતે શું ફાયદો થશે? | વિદ્યાર્થીઓના શિક્ષણ ને મહત્તમ ફાયદો થાય તે આ યોજના નો હેતુ છે અને આ યોજના નાણાકીય રીતે સુચારુ રીતે ચલાવી શકાય તે રીતે રિકરીંગ ખર્ચ નક્કી કરવામાં આવેલ છે |
| 66 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ અંતર્ગત સમાજિક ભાગીદારી માટે કરવામાં આવનાર MOU વિશેની માહિતી કયારે મળી શકે? | પસંદ થયેલ સંસ્થાઓને MOU અને એગ્રીમેન્ટ રાજ્ય સરકાર દ્વારા તૈયાર કરીને આપવામાં આવશે |
| 67 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ શરુ કરવા માટે સંસ્થા પાસે શાળા બિલ્ડીંગ અને મેદાન પોતાનું હોવું જરૂરી છે કે ભાડાથી લીધેલ હોય તો પણ શરુ કરી શકાશે? | માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ધારાધોરણ ને અનુસરવાનું રહેશે |
| 68 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સમાં જો વિદ્યાર્થી અથવા વાલી અયોગ્ય વર્તન કરે છે તો તેમના પર શું પગલા લઇ શકાશે અને તેની સત્તા કોની પાસે રહેશે? | તમામ સત્તા જ્ઞાનસેતુ સ્કૂલ્સ માટેની ગવર્નિંગ કાઉન્સિલ ની રહેશે |
| 69 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સમાં વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ, સાયકલ સહાય જેવા સરકારી લાભો મળવા પાત્ર રહેશે? | ના અન્ય કોઈ લાભ મળવાપાત્ર રહેશે નહીં |
| 70 | જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ માટે પ્રથમ વર્ષથી કેવા પ્રકારની સુવિધાઓ કરવાની રહેશે ખૂટતી સુવિધાઓ પૂર્ણ કરવા માટે કેટલો સમય મળશે? | પ્રથમ વર્ષમાં ધોરણ 6 ના બે વર્ગો આનુષંગીક માળખાકીય સુવિધાઓ અને ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રકચર સાથે શરૂ કરી શકાય તેટલી સુવિધાઓ હોવી જ જોઇએ. બાકીની જરૂરિયાતોની SOP પસંદ થયેલ સંસ્થાઓને આપવામાં આવશે. આપ આપની હયાત સુવિધાઓ તથા વિકસાવવાનો પ્લાન રજૂ કરી શકો છો. આ સુવિધાઓ યોગ્ય સમયમાં પૂર્ણ કરવાની રહેશે |

| | | |
|---|---|---|
| 71 | સંસ્થા CBSE બોર્ડ દ્વારા માન્યતા પ્રાપ્ત શાળા ચલાવે છે તો શું તેમને જ્ઞાનસેતુ ડે સ્કૂલ્સ ચલાવવા માટે અન્ય કોઈ બોર્ડની માન્યતા પ્રાપ્ત કરવાની રહેશે? | આ શાળાઓ જો પસંદ થશે તો CBSEની યોગ્ય મંજૂરી મેળવવાની રહેશે જે માટે શિક્ષણ વિભાગ, ગુજરાત મદદરૂપ થશે |